Permitted to Post at PSO-AHD : On every Tuesday
Post Reg. No. GAMC-1438/2010-2012 Valid upto 31st December, 2012
છૂટક કિંમત : રૂપિયા ૧૦ ◆ પાના : ૦૮
Reg. under RNI No. GUJGUJ/2003/16248

# ધી ઇકોનોમિક રેવલ્યૂશન

THE ECONOMIC REVOLUTION

સ્ટોક માર્કેટ અને આધુનિક આર્થિક પ્રવાહોની સચોટ માહિતી પ્રતિબિંબિત કરતું સફળ ગુજરાતી સાપ્તાહિક

Web site : www.theeconomicrevolution.com
Email : theeconomicrevolution@yahoo.co.in
Everythings that's on Money !!!

● વર્ષ : ૭ ● અંક : ૪૧ ● તા. ૦૫.૧૦.૨૦૧૦ થી ૧૧.૧૦.૨૦૧૦ ● ભાદરવા વદ ૧૨ થી આસો સુદ ૦૪ ● સં. ૨૦૬૬ ● તંત્રી : નરેન્દ્ર જોષી ●
● કાર્યાલય : ૧૧૫/૯૯૧, નિર્મલ એપાર્ટમેન્ટ, ટેલિફોન એક્સચેન્જ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩ ● ફોન નં. : ૨૭૪૫૧૪૪૯, મોબાઈલ : ૯૮૨૫૦૬૫૩૮૭ ●

# એફઆઈઆઈની લેવાલીને પગલે પાંચ સપ્તાહમાં શેરબજારમાં ૧૪ ટકા ઉછાળો

**શેરબજારની સમીક્ષા**



દિપક અમીન
મો. ૯૩૭૭૦૦૮૭૦૮

વાંચક મિત્રો,

ભારતીય શેર બજારો આપણે છેલ્લા ઘણા સપ્તાહોથી ચઢતા આવ્યા છે તેમ વચ્ચે વચ્ચે આંશિક થાક ખાઈને નવી વાર્ષિક સપાટીઓને સ્પર્શવાનું ચાલુ રાખ્યું હતું. જેમાં ખાસ કરીને તો એપ્રિલ માસ પછી એફઆઈઆઈની સતત ચોખ્ખી લેવાલીને પગલે બજારો લગભગ એકધારા તો નહીં પરંતુ એકેય મોટા કરેક્શન કહી શકાય તેવા ઘટાડા વગર આગેકૂચ જારી રાખીને હાલ હવે ૨૦,૦૦૦ ની સપાટી ઉપર મક્કમ રીતે સ્થિર થઈ ગયા છે.

સતત પાંચમાં સપ્તાહે પણ હકારાત્મક રહીને ભારતીય બજારો વિતેલા સપ્તાહ દરમ્યાન ૨ ટકા વધ્યા હતા. બીએસઈનો સેન્સેક્સ ઈન્ડેક્ષ ૩૯૯.૮૬ પોઈન્ટ વધીને ૨૦૪૪૫.૦૪ તેમજ એનએસઈનો નિફ્ટી આંક પણ ૨.૦૮ ટકા વધીને ૧૨૫.૧ પોઈન્ટ ઉપર ૬૧૪૩.૪૦ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ફ્યુચર વધ્યો ૬૧૭૬ બંધ રહ્યો હતો. કે જે નિફ્ટી સ્પોટ ઈન્ડેક્ષ ઉપર ૨૦ પોઈન્ટ જેવું પ્રિમિયમ દર્શાવે છે. કે જે નવા વાયદાના વલણની શરુઆતમાં આટલું વધારે પ્રિમિયમ અત્યંત સારું કહેવાય.

મુખ્ય તોફાન બીએસઈ રિયલ એસ્ટેટ અને મેટલ ઈન્ડેક્ષમાં જોવા મળ્યું હતું. જેમાં ૫ ટકા નો ઉછાળો બંને ઈન્ડેક્ષમાં નોંધાયો હતો. જ્યારે કેપિટલ ગુડ્સ, ઓટો, બેંક અને હેલ્થકેર ઈન્ડેક્ષમાં પણ ૨-૪ ટકા વચ્ચે સાપ્તાહિક વધારો રહ્યો હતો.

મેટલના શેરોમાં સેઈલ ૮.૨ ટકા, હિન્દાલ્કો ૭ ટકા, અને ટાટા સ્ટીલ ૫.૮ ટકા વધ્યા હતા. અન્ય મુખ્ય શેરોમાં બજાજ ઓટો, સીમેન્સ, ડીએલએફ, ભારતી એરટેલ, જેએસપીએલમાં પણ ૫-૭ ટકા વધારો થયો હતો.જ્યારે એસબીઆઈ અને એલ એન્ડ ટીમાં ૩-૫ ટકા નો વધારો નોંધાયો હતો.

સેક્ટોરલ સૂચકઆંકની વાત કરીએ તો નિફ્ટી જૂનિયર, મિડકેપ અને બીએસઈનો સ્મોલકેપ ઈન્ડેક્ષ ૧ ટકા વધીને બંધ રહ્યા હતા. મીડકેપ શેરોમાં ઓર્ચિડ કેમિકલ ૩૧ ટકા, એડલવાઈસ ૮.૭ ટકા અને કિંગફીશર એરલાઈન્સ ૭.૮ ટકા ઉછળ્યા હતા. જ્યારે સ્મોલકેપ શેરોમાં સુજાના ટાવર ૪૬ ટકા, પીએનબી ગીલ્ટસ ૩૦ ટકા, શ્રી અષ્ટવિનાયક સીને ૧૪ ટકા વધ્યા હતા. ઘટવાવાળા શેરોમાં પીપાવાવ શીપયાર્ડ ૧૫ ટકા, જ્યુપીટર બાયો ૧૨ ટકા અને નુકશાની પરિણામો જાહેર કરતા સત્યમના શેરમાં ૮.૮ ટકાનો ઘટાડો નોંધાયો હતો.

> એફઆઈઆઈ દ્વારા ૬ સપ્ટેમ્બરથી લઈને ૨૭૫૦૦ કરોડની ચોખ્ખી ખરીદી કરવામાં આવી છે જ્યારે પ્રાદેશિક સંસ્થાગત રોકાણકારો દ્વારા સમાંતર ગાળા દરમ્યાન ૧૧૫૦૦ કરોડનું ચોખ્ખું વેચાણ કરવામાં આવ્યું હતું

**રોકાણ અને ટ્રેડીંગ માટેના શેરો સેઈલ ઈન્ડિયા અને એનટીપીસી** : આ બંને શેરો દ્વારા વોલ્યુમ બ્રેકઆઉટ આપવામાં આવ્યું છે. ઉપરાંત વિશ્વાસપાત્ર સુત્રોએ જણાવ્યા મુજબ બંને શેરોમાં એક અગ્રણી પ્રાઈવેટ સંસ્થાકીય રોકાણકાર કે જે બેંકિંગ, બ્રોકીંગ અને ફાઈનાન્શિયલ સેક્ટરમાં પ્રભુત્વ ધરાવે છે તે પોતાના એચએનઆઈ રોકાણકારો માટે અને મ્યુચ્યુઅલ ફંડમાં પણ આ બંને શેરો વધારી રહી છે.

સુત્રો મુજબ ૩ મહિનામાં બંને શેરોમાં ૨૫૦ અને ૩૦૦ ઉપરનો ટાર્ગેટ મળશે. જ્યારે ચાર્ટ મુજબ એનટીપીસીમાં

અનુસંધાન પા.નં. ૫ ઉપર

> અંકુશમાં નહીં આવી રહેલા ફુગાવાનો દર અર્થતંત્ર માટે ચિંતાનો વિષય છે

તેજી હોય કે મંદી,સોનાની ખાણ જેવા ફંડામેન્ટલ મજબૂત શેરોની એટલે કે
MIDCAP - MULTI BAGGER ટીપ્સ
માટે સાચા અને શાણા રોકાણકારો તાત્કાલિક ૦૯૯૨૫૦૦૨૬૧૯ પર સંપર્ક કરો અથવા તો log on
www.theeagleinvestor.co.in

## નો સ્ટોપલોસ

**પૂંજ લોઈડ** બંધ ભાવ : ૧૩૧

પૂંજ લોઈડ ખરીદો
@ ૧૩૧-૧૨૫
ટાર્ગેટ ૧૩૬-૧૩૯

- નિશેષ જાની

## વૈશ્વિક રૂખ, એફ આઈ આઈનો નાણાકીય પ્રવાહ બજાર માટેનાં નિર્ણાયક પાસાં

**બજારનું સાપ્તાહિક વિહંગાવલોકન :**

ભારતીય બજારોએ છેલ્લા ૨.૫ વર્ષની ઉચ્ચતમ સપાટી દર્શાવી છે અને તે ઉંચી સપાટીએ બંધ પણ આપેલ છે. આ ગતિ મૂળભૂત રીતે સપ્તાહ દરમ્યાન એફ આઈ આઈના આવી રહેલા સ્થિર નાણાકીય પ્રવાહને આભારી છે, અને તેને મદદ કરીને અયોધ્યાના ચૂકાદાએ, કે જેણે દેશને સારી રાહત આપેલ છે.

**બાય એન્ડ સેલ**

રમેશચંદ્ર
મો. ૯૮૯૪૦૪૩૦૯૦
E-Mail:
buysell_india@yahoo.com,
buysell_stocktips@yahoo.com

યુ. એસ બજારમાં કેટલિક રિકવરી જોવા મળી અને યુરોપિયન બજારોએ પણ વૈશ્વિક બજારને ઉપર તરફ જવામાં સારી મદદ કરી.

હવે આશા રાખી શકાય કે આ ઉર્ધ્વગતિ ઓકટોબરના મધ્ય સુધી ચાલુ રહેશે. આ પછી કેટલાંક ખાસ કારણોને લીધે તેમાં મંદીમયતા જોવા મળે, જે નીચે મુજબ છે.

(૧) કોલ ઈન્ડિયાના મોટા આઈપીઓમાં અરજી કરવા માટે કેટલાક નાના રોકાણકારો અને સંસ્થાઓ બજારમાંથી પૈસા પાછા ખેંચે.

(૨) બીજા ત્રિમાસીક ગાળાનાં પરિણામો, કે જેમાં આપણે કોઈ નવા અથવા મોટા આશ્ચર્યની અપેક્ષા રાખી નથી જે રોકાણકારોને ઉંચી સપાટીએ પ્રોફીટ બુક કરવા માટે પ્રેરે.

**સેન્સેક્ષ ૨૦૪૪૫**

**ટેકનીકલ દ્રષ્ટિકોણ (તા. ૦૪ ઓક્ટોબર ૨૦૧૦ થી ૦૮ ઓક્ટોબર ૨૦૧૦ )** આ સપ્તાહે ૨૦૬૦૭ અને ૨૦૩૨૮ અગત્યની સપાટીઓ તરીકે કાર્ય કરશે, આગામી સપ્તાહે જો સેન્સેક્ષ ૨૦૬૦૭ ઉપર ટકી રહે અથવા તો ૨૦૩૨૮ નીચે ટકી રહે તો તે મુજબ બજારની આગામી રુખ નક્કી થશે.

**ટેકાની સપાટી :** ૨૦૩૨૮, ૨૦૧૬૧, ૧૯૯૮૫ અને ૧૯૮૨૪

**પ્રતિકારક સપાટી :** ૨૦૬૦૭, ૨૦૭૭૮, ૨૦૮૯૪ અને ૨૧૦૬૯

**તા. ૦૪ ઓક્ટોબર ૨૦૧૦ના દિવસ માટે સેન્સેક્ષની સ્થિતિ**

આજે, જો સેન્સેક્ષ ૨૦૫૧૭ થી ઉપરની સ્થિતિ જાળવી રાખશે તો ઉપર તરફનો લક્ષાંક ૨૦૭૨૪-૨૦૭૭૮

અનુસંધાન પા.નં. ૬ ઉપર

## નો સ્ટોપલોસ

**એક્ષિસ બેંક** બંધ ભાવ : ૧૫૭૪

ઘટાડે એક્ષિસ બેંક ખરીદો @ ૧૪૮૮-૧૪૦૨ સુધી લેણ કરો.
ટાર્ગેટ ૧૬૨૨-૧૬૪૭ સોમવારનો
ટાર્ગેટ : ૧૫૮૭-૧૫૯૯ વચ્ચે

- શરદ કોટક

## ૦૪ ઓક્ટોબર થી ૦૮ ઓક્ટોબર સુધી બજારનો રિવ્યૂ

**નિફ્ટી (૬૧૪૩)**
**સેન્સેક્ષ (૨૦૪૪૫)**
**તા. ૦૧.૧૦.૨૦૧૦**

અમોએ જણાવેલ કે 'ટેકનીકલી બજાર હજુ ઉર્ધ્વમૂખી છે અને હાલ તે ૫૯૬૦ ના ટેકા સાથે તેમ જ ૬૦૭૦ થી ૬૧૩૦ ની ઉપર તરફની પ્રતિકારક સપાટી સાથે મજબૂતાઈ કેળવી રહેલ છે.'

**બજારનો રિવ્યૂ**



પ્રકાશ ગાબા
મો. ૯૩૨૨૨૧૦૯૦૭
prakashgaba@hotmail.com
http://www.prakashgaba.com

બજાર ફરી એક વાર અપેક્ષા મુજબ જ ચાલેલ છે, અયોધ્યાના ચૂકાદા પછી બજારે મજબૂતાઈ કેળવી છે અને આપણી અપેક્ષિત પ્રતિકારક સપાટીની આસપાસ હકારાત્મક બંધ આપેલ છે.

ટેકનીકલી હજુ પણ બજાર ઉર્ધ્વમૂખી છે, અને હવે પછીનો તાર્કિક લક્ષાંક ૬૩૨૫ છે, તેમ જ મજબૂત મનોવૈજ્ઞાનિક ટેકો ૬૦૦૦ પોઈન્ટ છે.

સેન્સેક્ષ માટેનો ટેકો ૨૦૧૦૦ અને તાર્કિક પ્રતિકારક સપાટી ૨૦૭૬૬ છે. ટ્રેડીંગની દ્રષ્ટિએ હું હાલમાં જયાં સુધી ૬૦૦૦ ની સપાટી ટકી રહે ત્યાં સુધી પોઝીશન જાળવી રાખવાનું પસંદ કરીશ.

## વંટોળ પર સવાર થયેલ તેજીનાં મોજાંએ ખૂબ સારું વળતર આપ્યું

નિફ્ટી (૬૧૪૩) એ સતત પાંચમા સપ્તાહે ૧૨૫ પોઈન્ટની વૃધ્ધિ સાથે ૩૩ માસની ઉંચી સપાટીએ બંધ આપ્યો. નિફ્ટી ૬૩૫૭ ઓલ ટાઈમ હાઈ (ઉચ્ચતમ) સપાટી છે અને હવે આ જ મહત્વની પ્રતિકારક સપાટી છે કે જે નિફ્ટીએ હવે પસાર કરવાની છે. હવે ક્ષેમકુશળતા ધીરે ધીરે બની રહી છે પરંતુ સ્ટોક સ્પેસિફિક ગતિ ખૂબ જ ઝડપી છે તેથી નિયમિત પ્રોફીટ બુકીંગ કરો અને લીવરેજથી દૂર રહેવું ડહાપણભર્યું ગણાશે. નિફ્ટી જો ૫૮૫૦ નીચે આવે તો જ નબળાઈ ચાલુ થાય. બંધના ધોરણે ૫૮૬૧ મજબૂત ટેકાની સપાટી છે. નિફ્ટીએ ૫૩૪૮ થી ૬૧૫૩ની સપાટીને આંબવા માટે ૨૨ ટ્રેડીંગ દિવસનો સમય લીધો છે, જે ખૂબ તિવ્ર ઝડપ છે અને તેથી કોઈ પણ કરેકશન આટલું જ આક્રમક હશે.આમ બને તો નિમ્નગતિમાં નિફ્ટીની લાંબા ગાળાની મુવીંગ એવરેજ એટલે કે ૨૦૦ ડી એમએ કે જે ૫૨૫૮ છે અને ૧૦૦ ડી એમ એ કે જે ૫૪૦૧ છે તે તરફ આગળ વધી શકે.

**પ્રભાકર વ્યુ**



પ્રભાકર
info@akprabhakar.com
akprabhakar.equity@gmail.com
www.akprabhakar.com

**નિફ્ટી**

**ટેકો :** ૬૦૮૨-૬૦૦૮-૫૮૮૦

**પ્રતિકારક સપાટી :** ૬૨૨૫-૬૨૯૦-૬૩૫૭

**સમાચારો કે જે શેર અને બજારને અસરકૃત બની શકે** નિફ્ટી ઈન્ડેક્ષ બજાજ ઓટો, સેસા ગોઆ અને ડો. રેડ્ડીએ નિકાસ વધારેલ હોવાથી તેમાં લેવાલી જણાય તે કારણે નિફ્ટી ઈન્ડેક્ષમાં પણ ફેરફાર જોઈ શકાય. યુનિટેક, એબીબી અને આઈડિયાના શેર નિફ્ટીમાંથી દૂર કરેલ હોઈ તેમાંથી બહાર નિકળી જાઓ. એમ એમ ડી સીનો ડેરિવેટિવ્સ કોન્ટ્રાકટમાં સમાવેશ કરેલ છે જે આવનાર દિવસોમાં આ શેર માટે હકારાત્મક છે. ૧૫મી ઓકટોબરે ઈન્ફોસીસનાં પરિણામો આવનાર છે તે પરિણામોની ઋતુની શરુઆત કરશે. એફ આઈ આઈ નો બજારમાં આવતો નાણાકીય પ્રવાહ જે ગયા મહિને ઘણો સારો હતો, પરંતુ ૧૫ મી એપ્રિલે, સેબીએ એફ આઈ આઈ ને જણાવેલ હતું કે તે તનું માળખું મલ્ટી કલાસ વીહીકલ (એમ સી વી) મુજબ બનાવે કે જેમાં ઓછામાં ઓછા ૨૦ વ્યક્તિગત રોકાણકારો હોવા જોઈએ અને જે એફ આઈ આઈ એ આ રીતનું માળખું ન બનાવેલ હોય તેમને નવી પોઝીશન લેવા દેવામાં આવશે નહીં, પરંતુ તેઓ તેમની હાલની પોઝીશન જાળવી શકશે. સેબીએ જણાવેલ છે કે ૧૯૭ એફ આઈ આઈ, ૩૪૨ એફ આઈ આઈ સબ એકાઉન્ટસ માટે કોઈ ફરિયાદ નથી. ઓટો સેકટરે તેની તેજીમયતા ચાલુ જ રાખેલ છે. સપ્ટેમ્બર માસમાં મારૂતિના વેચાણમાં ૩૦ ટકા, એમ એન્ડ એમ ના વેચાણમાં ૨૪ ટકા, ટાટા મોટર્સના વેચાણમાં ૨૩ ટકા, ટીવીએસ મોટર્સના વેચાણમાં ૩૦.૭૮ ટકા વૃધ્ધિ થવા પામેલ છે.

અનુસંધાન પા.નં. ૬ ઉપર

## હવે ૨૦,૦૦૦ અને ૬,૦૦૦ ટ્રેઈલીંગ સ્ટોપલોસ

નિફ્ટીએ સતત ૫મા સપ્તાહે પણ ઉંચી સપાટીએ બંધ આપ્યો. ગત સપ્તાહે નિફ્ટીએ ૧૨૫ પોઈન્ટની સાપ્તાહિક વૃધ્ધિ દર્શાવી ૬૧૪૩ પોઈન્ટે બંધ આપ્યો. ગત સપ્તાહે કેપિટલ ગુડઝ અને મેટલ સ્ટોક ખૂબ સારો દેખાવ કરી અગ્રીમ રહ્યા. આવનાર સપ્તાહમાં નિફ્ટી માટે ૬૦૭૦નો મહત્વનો ટેકો છે જયારે ૬૦૦૦ ની સપાટી હવે મુખ્ય માનસશાસ્ત્રીય સપોર્ટ છે. નિફ્ટીની ઉચ્ચતમ સપાટી ૬૩૫૭ છે અને હાલની નિફ્ટીની ગતિ જોતાં જણાય છે કે તે ટૂંક સમયમાં જ સાકાર થનાર છે.બજાર હાલમાં ઓવર અધિક મુલ્યાંકિત છે જ પરંતુ હજુ પણ પ્રવાહિતા મજબૂત હોવાને કારણે તે ઉર્ધ્વગતિ દાખવશે. વે બજાર ખુબ જ ઝડપ દશાવી રહેલ છે અને ઈન્ટ્રાડે વૃધ્ધિ પણ ઉચ્ચતમ હોય છે. હવે પછીનું ટ્રીગર હશે બીજા ત્રિમાસિક ગાળાનાં પરિણામો અને ઈન્ફોસીસ ૧૫મી ઓક્ટોબરે તેનાં રિઝલ્ટ જાહેર કરનાર છે.

**હોટ ટોક**



તન્મય જી. પુરોહિત
મો. ૯૮૫૦૬૯૫૯૯૪
CFA, MS-Finance
EMail: Web Blog :
www.tanmaygopal.com

**પાવર ગ્રીડ (હાલનો ભાવ રૂ. ૧૦૮.૫૦)**

આ શેરે તેની બધીજ અગત્યની મુવીંગ એવરેજ ઉપર બંધ આપેલ છે અને આ શેરની રૂ. ૧૦૫ના ભાવે ખરીદી મજબૂત ગણી શકાય. આ ખૂબ જ સાઈડ વે સ્ટોક સછે પરંતુ જો આ શેર રૂ. ૧૧૨ ની સપાટી પસાર કરી દેશે તો તેની ઝડપી ગતિ શકય છે. આ શેર રૂ. ૧૦૭ થી ૧૦૯ માં ખરીદો, લક્ષાંક રૂ. ૧૧૫ થી ૧૧૭ નો રાખો, જયારે રૂ. ૧૦૪ નો સ્ટોપલોસ રાખો.

**એફ એસ એલ (હાલનો ભાવ રૂ. ૨૮.૮૦)**

દૈનિક ગ્રાફ પર આ શેર અપ ચેનલમાં ચાલી રહેલ છે અને શુક્રવારે આ શેરે તેની ૨૦૦ દિવસની મુવીંગ એવરેજ પર બંધ આપેલ છે. જો આ શેર રૂ. ૨૭ થી ઉપરની સપાટી જાળવી રાખે તો તે પછી રૂ. ૩૧ થી ૩૨ ની સપાટી દર્શાવી શકે. આ શેર રૂ. ૨૮ થી ૨૮.૫૦ માં ખરીદો, લક્ષાંક રાખો રૂ. ૩૧નો અને સ્ટોપલોસ રૂ. ૨૭ નો રાખો.



## ખટ્ટા-મીઠ્ઠા સટ્ટા

- નિશેષ જાની (મો) ૦૯૨૨૭૦૬૭૬૬૨

**નમસ્કાર મિત્રો,**

બજાર દરરોજ નવો હાઈ બનાવી રહ્યો છે. તેની સાથે ફંડામેન્ટલને અને ટેકનીકલ ઓવરબોટ પરિસ્થિતિને અવગણી રહ્યો છે.

આવનારા થોડાક દિવસોમાં પ્રોફીટ બુકિંગની શક્યતા છે. કારણ કે આઈપીઓ અને એફપીઓ જેવા કે સેઈલ, પાવરગ્રીડ, અને કોલ ઈન્ડિયાના ઈસ્યુ ખૂલી રહ્યા છે.

હાલના સંજોગોમાં નિફ્ટી ૨૫ના પીઈ મલ્ટીપલેટ્રેડ કરી રહી છે. જે બબલ ઝોન બનાવે છે. લાંબાગાળાના વેલ્યુ ઈન્વેસ્ટરોએ નવું રોકાણ ટાળવું જોઈએ. બ્લુમબર્ગે કરેલા રિપોર્ટના આધારે છેલ્લા ત્રણ મહિનામાં કંપનીના ડીરેક્ટરો અને ઓફિસરો પોતાના શેર વેચી રહ્યા છે તે બતાવે છે કે શેરની કિંમત ઘણી વધી ગઈ છે. તે બતાવે છે કે બધી વિગતો સારી રીતે તેઓ જાણતા હોય છે. આવું ૨૦૦૭માં પણ બનેલું. ત્યારબાદ ૨૦૦૮માં બજારે ફોલ બનાવીને ૮૦૦૦ની નીચે જતું રહ્યું.

રોલ ઓવરની પરિસ્થિતિ જોતા સ્ટોક સ્પેસિફીક રોલ ઓવર સારું છે. નિફ્ટીમાં ૩ અને ૬ માસની એવરેજ કરતા ઓછું રોલ ઓવર છે.

ઓપ્શન ડેટા તપાસતા લાગે છે કે ૬૨૦૦ ઉપર પ્રોફીટ બુકિંગ જોવા મળશે. એટલે કે ૫૮૦૦નીચે બાઈંગ જોવા મળશે. એટલે કે ૪૦૦ પોઈન્ટની નિફ્ટીમાં વધઘટ જોવા મળશે.

અઠવાડીક અને માસિક ચાર્ટ પર ચેનલ બ્રેક આઉટ

અનુસંધાન પા.નં. ૬ ઉપર

## વધઘટે ઓક્ટોબર માસમાં નવો હાઈ બનશે

શરદ કોટક